અપીલ અરજી નં.૧૮૮ તા.૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા
સામાવાળાઃ– આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો)
અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા.૩–૭–૧૦ ની અરજીથી સુભાષનગર, જે.પી.નગર, નહેરૂનગર, કતારગામ પટેલવાડી, મુંબઈ માર્કેટ ઓમ વસાહત, જે ઝુંપડપટ્ટીમાં રહેતા હતા ત્યાં મૂળ જગ્યા કેટલા બાળકો લાભાર્થી સરનામા સાથે યાદી આપવામાં આવે અને હાલ તેમને કોસાડ વસાવવામાં આવેલ છે ત્યાં કેટલી આંગણવાડીઓ મુળ વસાહત હતી તેની વિગત આપવા. (૧) મૂળ વસાહત આંગણવાડી તેમના લાભાર્થી સરનામા સંખ્યા. (૨) કોસાડ બનાવવામાં આવેલ કુલ આંગણવાડી તેમના સરનામા લાભાર્થી સંખ્યા આપવામાં આવે.` અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૮૮/૨૦૧૦–૧૧

શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા.૩–૭–૧૦ ની અરજીથી સુભાષનગર, જે.પી.નગર, નહેરૂનગર, કતારગામ પટેલવાડી, મુંબઈ માર્કેટ ઓમ વસાહત, જે ઝુંપડપટ્ટીમાં રહેતા હતા ત્યાં મૂળ જગ્યા કેટલા બાળકો લાભાર્થી સરનામા સાથે યાદી આપવામાં આવે અને હાલ તેમને કોસાડ વસાવવામાં આવેલ છે ત્યાં કેટલી આંગણવાડીઓ મુળ વસાહત હતી તેની વિગત આપવા. (૧) મૂળ વસાહત આંગણવાડી તેમના લાભાર્થી સરનામા સંખ્યા. (૨) કોસાડ બનાવવામાં આવેલ કુલ આંગણવાડી તેમના સરનામા લાભાર્થી સંખ્યા આપવામાં આવે. જે અંગે માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૩ તા.૧૭–૯–૧૦ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજી લગભગ દિન–૫ ના વિલંબથી કરેલ જે અંગે વાજબીપણું જણાવવા તેમજ અપીલમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી એ.ઓ. સ્કુલબોર્ડ દર્શાવેલ છે જયારે અરજીમાં સંકલિત બાળ વિકાસ અધિકારી જણાવેલ છે. તે અંગે પક્ષકાર સ્પષ્ટ કરવા તથા તબદીલી અંગેની જણાવેલ માહિતી તેઓ કક્ષાએ હોય તો વિગત જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આઈએસ ડી/એસએમસી/૧૮૮ તા.૮–૯–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને પાઠવેલ માહિતી પત્ર નં.આઈસીડીએસ/૨૯૪ તા.૧–૧૦–૧૦ ના પત્ર સાથે મુદ્દા નં.૧ અને ૨ અંગેના પત્રકની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૩–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી પૂર્વઝોન વરાછા ખાતે કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/ આ.નં.૨૩૦–૨૩૧ તા.૫–૭–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી યુસીડીને તબદીલ કરવામાં આવેલ. યુસીડી તરફથી ઈ.ચા. ચીફ પ્રો. ઓફિસર કક્ષાએથી પત્ર નં.યુસીડી/આરટીઆઈ સેલ/આ.નં.૫૬૭ તા.૯–૭–૧૦ થી સીડીપીઓ/આઈસીડીએસ વિ–૪, દિલ્લીગેટ, સુરતને તબદીલ કરવામાં આવેલ.જો આ અરજી સીધી જાહેર માહિતી અધિકારી આરોગ્યને અથવા મ. જાહેર માહિતી અધિકારી આઈસીડીએસ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોય તો પુનરાવર્તિત તબદીલ અંગેનો વિલંબ નિવારી શકાયો હોત. જે બાબતે અરજદારે જવાબ નહીં મળવાથી તા.૮–૯–૧૦ ના રોજ દિન–૫ ના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અપીલ તબકકે આરટીઆઈ સેલ/૭૧૩ તા.૧૭–૯–૧૦ થી અપીલના વિલંબના આધાર અને વાજબીપણું રજૂ કરવા જણાવેલ. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીના વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે જ અરજદાર પાસેથી જ વિગતો માંગેલ છે. તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે તેવી કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી વાજબીપણાની અનુપસ્થિતિમાં પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં કાયદાનું હાર્દ અને ભાવના ને ધ્યાને રાખી અરજદારની અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. વધુમાં અરજદાર તરફથી પક્ષકાર જણાવવામાં આવેલ નથી. તેમજ અપીલમાં જણાવેલ પક્ષકાર જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારી સ્કુલ બોર્ડ જણાવેલ છે. જયારે મુળ અરજીમાં સંકલિત બાળ વિકાસ અધિકારી જણાવેલ છે તે અંગે પણ અરજદાર તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. આમ મુળ અરજીના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સુભાષનગર, જે.પી.નગર, નહેરૂનગર, કતારગામ પટેલવાડી, મુંબઈ માર્કેટ ઓમ વસાહત ના આંગણવાડી સરનામું નંબર અને લાભાર્થી બાળકોની

સંખ્યા તથા ત્યાંથી કોસાડ સ્થળાંતર કરવામાં આવેલ આંગણવાડીની વિગતો સહિતની મુદ્દા નં.૧ના પત્રકમાં તથા કોસાડ અંગેની વિગતોમાં સુભાષનગર માં –૪, નહેરુનગરમાં–૩, જેપીનગરમાં –૧ અને પટેલવાડીમાં માં –૪ મળી કુલ્લે ૧૨ આગંણવાડી જણાવેલ છે જેમાંથી પટેલવાડીની–૨, અને સુભાષનગરની –૧ સિવાયની તમામ ૯ આંગણવાડી કોસાડ ખાતે સ્થળાંતર કરવામાં આવેલ છે. જેના લાભાર્થી બાળકોની પણ માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૨ ના પત્રકમાં એચ–૧ કોસાડ ખાતે–૮ અને એચ–૨ કોસાડ ખાતે –૧ એમ મળી કુલ્લે ૯ આંગણવાડીની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિ બાદ પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ જણાતી હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે
તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તબદીલી અંગે જરૂરી તકેદારી માટે...

(૨) શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા,